### પ્રવેશ લેવા ઈચ્છુકોને ફેકલ્ટીની ટુર કરાવી પ્રોત્સાહિત કરવાનું આયોજન

# પહેલીવાર ટેક્નોલોજીમાં વિદ્યાર્થી વાલીઓનું ઓપન હાઉસ યોજાશે

### 29 મેએ શિક્ષકો સાથે પ્રશ્નોત્તરી કરી શકાય તેવી વ્યવસ્થા કરાશે

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

મ.સ યુનિ.ની ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ દ્વારા પહેલીવાર ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓ પોતાની ફેકલ્ટીને જાણે અને તેના વિષયો મુદ્દે અધ્યાપકો સાથે ચર્ચા કરે તે હેતુથી આ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે.

યુનિવર્સિટીની ટેક્નોલોજી ફેકલ્ટીમાં દર વર્ષે 600થી 700 એડમિશન થતાં હોય છે. પરંતુ વધારે એડમિશન થાય અને ફેકલ્ટીનું પ્રમોશન થાય તે માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એડમિશન લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓની સાથે તેમના વાલીઓ પણ ફેકલ્ટીની મુલાકાત લેશે અને પ્રોગ્રામ અને કોર્સીસ મુદ્દે વિચારણા કરી શકે. સાથે જ જે પ્રવાહમાં એડમિશન લેવા ઈચ્છતા હોય તેના વિષયો અને પ્રશ્નો મુદ્દે ચર્ચા-વિચારણા કરી શકે તે હેતુથી આ પ્રયોગ કરવામાં આવ્યો છે.

ફેકલ્ટીમાં સ્ટડી ટુરનું આયોજન કરાતું હોય છે. પહેલી વખત જ ઓપન હાઉસનું આયોજન કરાયું છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સોમવારે 29 મેના આ ટુરનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે 11થી સાંજે 5 વાગ્યા સુધી તમામ વિદ્યાર્થીઓ આ ટુરમાં ભાગ લઈને વિષયોને જાણી કેમ્પસને જાણી શકે તેવા હેતુથી શરૂઆત કરાઈ હતી. ત્યારે આ ઓપન હાઉસનું આયોજન ફેકલ્ટીના ઈતિહાસમાં પ્રથમ વખત કરવામાં આવ્યું છે. જેનાથી ફેકલ્ટીમાં એડમિશન વધતાં યુનિવર્સિટીને ફાયદો થઈ શકે છે.

## ઓપન હાઉસથી લોકો ફેકલ્ટીને વધુ જાણશે

*ટેક્નોલોજી ફેકલ્ટીના પ્રમોશન માટે આ ઓપન હાઉસનું આયોજન કર્યું છે. જેનાથી યુનિવર્સિટીની ફેકલ્ટીના વિષયો વિશે વાલીઓ પણ જાણકારી મેળવે અને કેમ્પસની પણ મુલાકાત લે તે માટે આ ઓપન હાઉસનું આયોજન કરાયું છે.* » **ધનેષ પટેલ,** ફેકલ્ટી ડીન, એમએસયુ